ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સેવાકેન્દ્રોની આસપાસ ગંદકીના ઢગ ખડકાયા

## પદયાત્રિકોના રૂટ ઉપરાંત સેવા કેન્દ્રોના સ્થળે સફાઈ અને દવા છંટકાવની અનિવાર્યતા : સફાઈ વ્યવસ્થા જરૂરી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૩

શહેરમાં અંબાજી પગપાળા જતા પદયાત્રિકોની સેવા માટે વિવિધ ઠેકાણે સેવા કેન્દ્રો કાર્યરત છે. રોજબરોજ હજારો પદયાત્રિકો અંબાજીના રૂટ તરફ આગળ વધતા શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યારે શ્રધ્ધાળુઓની સેવા માટે કેન્દ્રો દ્વારા ઉમદા કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ પદયાત્રિકોના રૂટમાં થતી ગંદકી નિવારવા કોઈ વ્યવસ્થા ન ગોઠવાતા કચરાના ઢગ ખડકાયા છે જયારે પદયાત્રા બાદ સેવા કેન્દ્રોના સ્થાને પણ સ્વચ્છતાનો મુદ્દો વિસરાતા ગંદકીના થર જામે છે.

ભાદરવી પૂનમ નજીક આવતા નગરમાંથી રોજબરોજ મોટી સંખ્યામાં અંબાજી પગપાળા જતા ભાવિકો નજરે પડે છે. શ્રધ્ધાળુઓને જરુરી વ્યવસ્થા પુરી પાડવા નગરમાં વિવિધ સંસ્થા દ્વારા સેવા કેન્દ્રોના માધ્યમથી ઉમદા સેવા પુરી પાડવામાં આવે છે. બીજી તરફ અંબાજી પગપાળા જતા પદયાત્રિકોના રૂટમાં નગરના રસ્તાઓ પર ધીમે ધીમે ગંદકી અસ્તિત્વમાં આવી રહી છે. આ ઉપરાંત પદયાત્રાના અંતે પણ સેવા કેન્દ્રોના સ્થાને ગંદકી જોવા મળતી હોય છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા કોઈ સફાઈ વ્યવસ્થા ન ગોઠવાતા અનેક પ્રશ્નો ઉદભવે છે ત્યારે ગિરનાર પરિક્રમણા બાદ હાથ ધરાતા સફાઈ અભિયાનની જેમ શહેરમાં પણ પદયાત્રા બાદ જરુરી ઠેકાણે સફાઈ તેમજ દવા છંટકાવ સહીતની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### મુખ્યમાર્ગો પર અંધારપટ્ટથી પદયાત્રિકોને મુંઝવણ

શહેરમાં જય અંબેના જયઘોષ સાથે પગપાળા જતા પદયાત્રિકો માટે આ વખતે વરસાદ કસોટીરૂપ નિવડયો છે. જયારે વરસાદી મૌસમમાં મુખ્યમાર્ગો પર રાત્રિના લાઈટો પણ ડૂલ રહેતા અંધારપટ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં પગપાળા જતા ભાવિકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરના મુખ્ય ચ માર્ગ ઉપર પણ રાત્રિના લાઈટો બંધ રહેતા ઘનઘોર અંધારું છવાયેલું જોવા મળે છે. જેના પરિણામે પદયાત્રિકોને ડગલે ને પગલે હાલાકી ભોગવવી પડે છે. વરસાદી દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગો ઉપર પણ અંધારપટ છવાયેલો રહે છે. પદયાત્રિકોને ધ્યાને લઈ તાત્કાલિક લાઈટો ચાલુ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠવા પામી છે.

# શહેરમાં દિવસભર વરસાદી માહોલ

## સતત પાંચમા દિવસે પણ વરસાદી માહોલ યથાવત

ગાંધીનગર, તા. ૩

શહેરમાં આજે દિવસ દરમિયાન ધૂપ-છાઁવના વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો હતો. મોડી સાંજે આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાઈ આવ્યા હતા. હળવા છાંટણા વરસાવી વરસાદ હાજરી પુરાવી ગયો હતો.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાયરો યથાવત છે. ચાર દિવસથી રોજ રાત્રિના મેઘરાજા બધડાટી બોલાવતા શહેરમાં ગણેશ ભક્તિની સંગત સાથે વરસાદી રંગત જોવા મળી રહી છે. આકરા બફારામાં વરસાદ વરસતા નગરજનો ઉકળાટમાં રાહત અનુભવી રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી વરસતા વરસાદના લીધે વાતાવરણમાં બફારાનું પ્રમાણ ઘટ્યું છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો હતો. દિવસના તડકા સાથે ઉઘાડ નીકળતા નગરજનોએ પણ હાંશકારો અનુભવ્યો હતો. જો કે મોડીસાંજે વાતાવરણમાં નાટ્યાત્મક પળો જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. જ્યારે વરસાદે છાંટણા વરસાવી નિયત સમયે હાજરી પુરાવી હતી. આમ સતત પાંચમા દિવસે પણ વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)

# સરકારી આવાસોની પાણીની ટાંકીઓ તોડી પડાશે

## સે-૬ થી ૩૦ના આવાસોમાં બિનઉપયોગી ધાબા પર આવેલી પાણીની ટાંકીઓ તોડવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે

ગાંધીનગર, તા.૩

શહેરમાં સ્થિત સરકારી આવાસોની બિનઉપયોગી પાણીની ટાંકીઓ સલામતી અને રોગચાળાની દષ્ટિએ જોખમી બની છે ત્યારે આ પ્રકારની ટાંકીઓ તોડી પાડવાનો નિર્ણય લેવાય છે. સે-૬ થી ૩૦ના સરકારી આવાસોમાં સ્થિત પાણીની ટાંકીઓ તોડી પાડવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં જુદી જુદા કક્ષાના ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે જયારે આ પૈકીના ઘણા ખરા મકાનો જોખમી હાલતમાં છે. તંત્ર દ્વારા નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત આવાસોના મજબૂતીકરણનું કામ પણ હાથ ધરવામાં આવ્યું છે. જાળવણીના અભાવે ખંડેર બનતા સરકારી આવાસોના લીધે અનેક વિકરાળ સમસ્યાઓ ઉદભવી રહી છે. હાલની સ્થિતિએ નગરના સરકારી આવાસોની પાણીની ટાંકીઓ પણ ભયજનક હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. બે દિવસ પૂર્વે જ સે-૨૨ના સરકારી આવાસના ધાબે પાણીની ટાંકી નમી પડતા તંત્ર સફાળું જાગ્યું હતું. આવાસોના ધાબે સ્થિત પાણીની ટાંકી વપરાશની દષ્ટિએ બિનઉપયોગી પુરવાર થઈ છે. ખાલી ટાંકીમાં વરસાદી પાણીના ભરાવા સાથે મચ્છરોનો ઉપદ્રવ થતો હોવાનું પણ અનેકવાર સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં આવાસોની નકામી ટાંકીઓ તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. સે-૨૨માં ૩૭૫ જેટલી ટાંકીઓ તોડી પાડવામાં આવશે આ ઉપરાંત સે-૬ થી ૩૦માં સ્થિત આવાસોમાં પણ બિનઉપયોગી ટાંકીઓ તોડી પાડવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે.



# ગાંધીનગરમાં એગ્રી એશિયા ટેક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહાત્મા મંદિર પરિસરમાં એગ્રીટેક એશિયા-૨૦૧૪ વૈશ્વિક કૃષિપ્રદર્શન ખુલ્લુ મુક્યું હતું.

આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ના પૂર્વાધારૂપે યોજાઈ રહેલા આ ત્રિદિવસીય પ્રદર્શન મહાત્મા મંદિરમાં ત્રણ પ્રદર્શન હોલમાં સમગ્રતયા ૧૫૦૦૦ ચોરસમીટર વિસ્તારમાં પથરાયેલું છે. મુખ્યમંત્રીએ આ પ્રદર્શનનું ઉદ્દઘાટન કરતા જણાવ્યું હતું કે, ભારત ઉપરાંત યુએસએ, ઈઝરાયેલ, બેલ્જિયમ, સાયપ્રસ, ઈટલી, સ્પેઈન, જાપાન, જર્મની, કેનેડા, હોલેન્ડ જેવા ૧૪ જેટલા અગ્રણી રાષ્ટ્રો પણ ભાગ લઈ રહ્યા છે તથા કૃષિ ક્ષેત્રને લગતી ૨૦૦ જેટલી વિવિધ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કંપનીઓ આ પ્રદર્શનમાં જોડાઈ છે. આનંદીબેને કિસાનો માટે નવિન પાક પદ્ધતિ-શોધ સંશોધનો, અદ્યતન કૃષિ સાધન સામગ્રી અને પશુપાલન ડેરી સંલગ્ન સર્વગ્રાહી અત્યાધુનિક જ્ઞાન-માહિતી એક જ સ્થળેથી આ વૈશ્વિક પ્રદર્શન પુરું પાડશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ એગ્રીટેક એશિયા-૨૦૧૪ પ્રદર્શન ખેડૂત માટે ઓછા પરિશ્રમે વધુ સારી ખેતી તેમજ બીજ-ખાતરના યોગ્ય ઉપયોગ અને સંમિશ્રણથી ત્વરિત અંકુરણની નવી દિશા આપશે તેમ જણાવતાં કૃષિકારો-મહિલા પશુપાલકો અને કૃષિ-પશુપાલન સાથે સંલગ્ન સૌને આ જ્ઞાનવર્ધક પ્રદર્શનનો વ્યાપક લાભ લેવા અનુરોધ પણ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

રણુજાના રાજા રામદેવપીર - ભારતીય સંસ્કૃતિનું અજોડ દર્શન એટલે રામદેવ પીરનું જીવનચરિત્ર... સમાજના છેવાડાના માણસ માટે જજમવું અને પરિણામલક્ષી બનાવવું જેનું જીવન ધ્યેય રહ્યું છે એવા રણુજાના રાજા રામદેવ પીર આજે પણ લોકભોગ્ય દેવ તરીકે અમર છે... ગાંધીનગરના માર્ગો પર રામદેવ પીરનો નેજો ચડાવવા ભાવિકો સરઘાસાકારે નિકળ્યા ત્યારે વાતાવરણમાં ભારે ઉત્સાહ વર્તાતો હતો.

# સે. ૧૫ આઈ.ટી.આઈ.ની કોમ્પ્યુટર લેબમાં આગ લાગતા નાસભાગ

## શોર્ટ સર્કીટથી લાગેલી આગ બાદ ધુમાડાના ગોટા ઉડ્યા તાલીમાર્થીનાં જીવ તાળવે ચોંટ્યા : ફાયર સેફ્ટીના નામે મીંડુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સેક્ટર-૧૫ ખાતે સ્થિત ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યૂટ (આઈ.ટી.આઈ.)ની પહેલે માલે આવેલી કોમ્પ્યુટર લેબમાં આજે બપોરના અરસામાં અચાનક શોર્ટ સર્કીટથી આગ ભભુકી ઉઠતા તાલીમાર્થીઓ તથા ઈન્સ્ટ્રક્ટરોમાં નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરાતા તાબડતોબ પહોંચી જઈ ટીમે આગ કાબુમાં લઈ લીધી હતી. કોઈ જાનહાની કે મોટુ નુકશાન સદ્દ્નસીબે થવા પામ્યું નથી. જો કે નોંધવું રહેશે કે ફાયર સેફ્ટીના નામે આઈ.ટી.આઈ.માં મીંડુ છે. આસપાસમાં ક્યાંય ફાયર એસ્ટીંગ્યુસર પણ નજરે ચઢ્યા ન હતા. જેથી આખરે તાલીમાર્થીઓએ પાણીની પરબે દોડીને ડોલ ભરી-ભરી પાણી લાવવાનો વારો પ્રાથમિક તબક્કે આવ્યો હતો.



આઈ.ટી.આઈ.ની કોમ્પ્યુટર લેબમાં અચાનક લાગેલી આગથી ધુમાડાના ગોટેગોટા બંધાઈ ગયા હતા. જેને પગલે આજુબાજુના ટ્રેડમાં અભ્યાસ કરી રહેલા તાલીમાર્થીઓમાં દોડધામ મચી જવા પામી હતી. આગ સંદર્ભે ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પળવારમાં આગ કાબુમાં લઈ લીધી હતી. એક કોમ્પ્યુટર બળીને ખાખ થઈ ગયા સિવાય કોઈ મોટી માલહાની પણ થવા પામી નથી જો કે ફાયર સેફ્ટી અંગે ગંભીર બેદરકારી ઘટના બાદ બહાર આવવા પામી હતી.

# ગાંધીનગર ખાતે ૧૫મીએ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલની બેઠક મળશે

ગાંધીનગર, તા.૩

લાંબા સમય બાદ ગુજરાતના આંગણે આગામી ૧૫મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલની મહત્વની બેઠક મળનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલના અધ્યક્ષ કેન્દ્રીય ગૃહમંત્રી છે. આ કાઉન્સીલમાં ત્રણથી ચાર રાજયોના મુખ્યમંત્રી મુખ્ય સચિવો અને કેન્દ્ર સરકારના કેટલાક સચિવો હોય છે.

પ્રાપ્ત વિગતો મુજબ ૧૫મી સપ્ટેમ્બરના રોજ મળનારી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલની બેઠકનો એજન્ડા હજુ કેન્દ્ર દ્વારા નક્કી કરવામાં આવ્યો નથી. જો કે તમામ વિભાગોના વડાઓને આ બેઠક અંગે તેમના વિભાગને સ્પર્શતી બાબતો અંગેની તૈયારી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જુન ૨૦૧૩માં આ બેઠક મળનારી હતી પરંતુ તે સમયે આ બેઠક મુલત્વી રાખવામાં આવી હતી. જો કે હવે ૧૫મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે વેસ્ટર્ન કાઉન્સીલની બેઠક મળનાર હોવાનું જાણવા મળે છે.

## બેસણું



અમારા વડીલ **શ્રી પ્રદ્યુમનભાઈ ઉમિયાશંકર મહેતા** (ભૂતપૂર્વ ધારાસભ્ય, મુંબઈ)નું તા. ૨૭/૮/૧૪, બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તથા સુંવાળા તા. ૫/૯/૧૪, શુક્રવારે સવારના ૯ થી ૧** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મહાલક્ષ્મીની વાડી, બજારમાં, મુ.પો. પેથાપુર, તા.જી. ગાંધીનગર.

**ગં.સ્વ. જસુમતીબેન પ્રદ્યુમનભાઈ મહેતા**

| | |
|---|---|
| અરૂણાબેન ઈન્દ્રવદન મહેતા | ઈન્દ્રવદન ઉમિયાશંકર મહેતા |
| સુમિત્રાબેન કિરણભાઈ મહેતા | કિરણભાઈ પ્રવિણચંદ્ર મહેતા |
| કૌમુદી ભરતકુમાર મહેતા | ભરતકુમાર પ્રદ્યુમનભાઈ મહેતા |
| શીતલ ધ્રુવકુમાર મહેતા | ધ્રુવકુમાર પ્રદ્યુમનભાઈ મહેતા |
| માલતીબેન પરેશકુમાર મહેતા | પરેશકુમાર પ્રવિણચંદ્ર પંડ્યા |
| નીતાબેન આનંદકુમાર મહેતા | આનંદકુમાર નટવરલા મહેતા |

**સમસ્ત મહેતા પરિવાર**

**પિયરપક્ષનું બેસણું ઉપરના સ્થળે તથા સમયે રાખેલ છે.**
**ગં.સ્વ. વીણાબેન અમૃતલાલ ત્રિવેદી, જીતેન્દ્ર અમૃતલાલ ત્રિવેદી**


**પ્રવેશ જાહેરાત**

**B.C.A.** ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એકમાત્ર ગર્લ્સ બી.સી.એ. કોલેજ

પ્રથમ, દ્વિતિય અને તૃતિય વર્ષ બી.સી.એ.ના પ્રવેશ માટે રૂબરૂ મળો

**કેમ્પસમાં જ રહેવા માટે ગર્લ્સ હોસ્ટેલની વ્યવસ્થા**

સંપર્ક
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત
**ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન**
સેન્ટ્રલ એસ.ટી. સ્ટેન્ડ નજીક, સેક્ટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન : ૨૩૨૪૧૫૩૩, મો. ૯૯૨૪૪૭૫૬૫૫ ● સમય : સવારે ૯-૦૦થી ૩-૦૦

Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
**કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.**
**મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.**

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · Dr.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ**
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com